Date :- 08-06-2025
Divya Bhaskar, Page-09, Surat

### અમદાવાદ-ગાંધીનગર સહિત દેશમાં 35 સ્થળે આ રીતે ચોરી કરી

# ઝાડ પર ચઢીને મેટ્રોના કેબલ લાંબા કટરથી કાપી ચોરી કરતી ગેંગ પકડાઈ

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર



અમદાવાદ અને ગાંધીનગરમાં તાજેતરમાં થયેલા મેટ્રોના કેબલની ચોરીનો ભેદ ખૂલ્યો છે. ગાંધીનગર પોલીસે ગેંગના 4 સભ્યોની ધરપકડ કરી છે. જ્યારે 7 વોન્ટેડ છે. અમદાવાદમાં શાહપુર પાસે અને ગાંધીનગરમાં કોબા સ્ટેશન પર કેબલની ચોરીથી મેટ્રો અધવચ્ચે અટકી પડી હતી.

આરોપીઓ અલગ અલગ રાજ્યમાં જઈ મેટ્રો સ્ટેશનની નજીકની હોટેલમાં રોકાણ કરતા હતા એ પછી ભાડેથી કાર લઈ રેકી કરતા હતા. ચોરી માટેનું સ્થળ નક્કી થઈ જાય એટલે દીવાલના ટેકે કે ઝાડ પર ચઢી લાંબા કટરથી મેટ્રોના કેબલ કાપી નાખતા અને ચોરીના કેબલ ભાડાંના મકાનમાં સંતાડી ઉપરનું રબરનું લેયર કાઢી નાખી તાંબાના વાયર છૂટ પાડી પેક કરી દિલ્હી મોકલતા હતા.

ઝડપાયેલા આરોપીમાં મુશરફ મુલેજાટ, રાશિદ ધોબી, રાશિદ અન્સારી અને ઈરશાદ મલિકનો સમાવેશ થાય છે. ગાંધીનગરમાં મેટ્રોના કેબલની ચોરી થયા પછી પોલીસે સીસીટીવી કેમેરા ચેક કરતાં બે શંકાસ્પદ વાહન નજરે ચઢ્યા હતા. વાહન માલિકની પૂછપરછમાંથી આરોપીઓની ઓળખ મળી હતી. ગેંગે અમદાવાદ, ગાંધીનગર ઉપરાંત દિલ્હી, મહારાષ્ટ્રમાં ચોરી કરી હતી.